**વટવા પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર**

ફોનનં.-૦૭૯-૨૫૭૧૦૦૭૪/૯૬૩૮૪૭૧૦૬૬

Email ;- polstn-vatva-ahd@gujarat.gov.in

પોલીસ કંટ્રોલરૂમ ટેલીફોન નંબર-૦૭૯-૨૫૬૨૭૫૧૦

---

# :-*<u>સારી કામગીરી</u>*-:

# <u>વટવાના લુંટના ઈરાદે થયેલ હત્યાના મુખ્ય સુત્રધાર ની ધરપકડ કરતી વટવા પોલીસ</u>

વટવા પોલીસ સ્ટેશન ખાતે ગત તારીખ ૩૧/૧૦/૨૦૧૯ ના રોજ નોંધાયેલ ફાયરિંગ વિથ મર્ડરની ફરિયાદના કામે હકિકત એવી છે કે આ કામના ફરિયાદી બુધ્ધારામ સ/ઓ પકકારામજી હક્કારામજી ચૌધરી ઉ.વ.-૨૪ રહે-દુકાન નં-૦૨ મહાલક્ષ્મી ડેરી આશાપુરા રેસીડન્સી મહાલક્ષ્મી તળાવનીપાસે વટવા અમદાવાદ શહેર તથા મુળગામ-જીવનકલા તા-દેસુરી થાના-રાણી જી-પાલી (રાજસ્થાન) નાઓના ફોઈના દિકરા દિનેશકુમાર માલારામ ચૌધરી ઉ.વ.-૨૮ રહે- સત્યમ સાગર સોસાયટી ગલી નં-૦૪ બચુભાઈના કુવા પાસે વટવા અમદાવાદ શહેર મુળા ગામ-ભાદરલાવ તા-દેસુરી થાના-રાણીજી-પાલી (રાજસ્થાન) નાઓને પોતાની વટવા ખાતેની આશપુરી રેસીડેન્સી ની દુકાન નં.૧૫ મહાલક્ષ્મી પ્રોવિઝન સ્ટોર માં રાત્રિના અગિયારેક વાગ્યાના પહેલા કોઈપણ સમયે અજાણ્યા ઈસમોએ કોઈ અગમ્ય કારણોસર ગરદરનના ભાગે ગોળી મારી મોત નિપજાવી નાસી ગયેલ હોય. જે કામે વટવા પોલીસ સ્ટેશન ખાતે ફર્સ્ટ ગુરનં. ૧૨૫/૨૦૧૯ ધી ઈપીકો કલમ- ૩૦૨, ૧૧૪ ૧૨૦બી, તથા આર્મ્સ એક્ટ કલમ ૨૫(૧)બી,એ, તથા ૨૭ તથા જી.પી. એક્ટ કલમ- ૧૩૫(૧) મુજબનો ગુનો દાખલ થયેલ.

ફાયરિંગ વિથ મર્ડરનો ગુનો ગંભીર પ્રકારનો અતિસંવેદનશીલ હોય તાત્કાલિક ઉપરી અધિકારીઓને જાણ કરવામાં આવેલ જેથી પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા સાહેબ અમદાવાદ શહેરનાઓ તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી નિપુણા તોરવણે સાહેબની સુચના આધારે તેમજ નાયબ પોલીસ કમિશ્નર શ્રી બિપીન અહિરે સાહેબ ઝોન-૬ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી આર.બી.રાણા સાહેબ ‘જે’ડીવીઝન અમદાવાદ શહેર નાઓના સીધા અને સતત માર્ગદર્શન હેઠળ જુદી જુદી ચાર ટીમો બનાવી તેમજ CCTV ફૂટેજ, હ્યુમન સોર્સ, શંકાસ્પદ ઈસમોની પુછપરછ, ટેકનીકલ વર્ક આઉટની કામગીરી સોપવામાં આવેલ. જેમાં અગાઉ મુળ ઉત્તરપ્રદેશ ના બે આરોપીઓ (૧) <u>નંદકિશોર ઉર્ફે નંદુ રાજારામ શર્મા રહે- મ.ન-૮૧, વલ્લભપાર્ક ટેનામેન્ટ, વટવા અમદાવાદ શહેર તથા મૂળવતન ગામ-પરસુ થાના-સાહેલ જી.-ઓરૈયા યુ.પી.</u> તથા (૨) <u>મનીષભાઈ મહેશભાઈ શર્મા ઉવ.૨૬ રહે- ડી/૨૦૨ દેવમાણેક રેસીડન્સી વટવા સ્મશાનની બાજુમાં કેનાલ રોડ વટવા અમદાવાદ શહેર તથા મુળવતન- ગામ- મઈબટ્ટેશ્વર થાના-બટ્ટેશ્વર તા.જીલ્લો-આગ્રા ઉત્તરપ્રદેશ</u> તથા (૩) <u>શ્રવણ સ/ઓ બંશીલાલ પુર્ખારામ જાતે-જોષી ઉવ.૨૯ રહે- ૪૨૯,</u>

સારી કામગીરી

લક્ષ્મીનગર કકુરજી તુરષાજીના મકાનમાં, રંગોલીનગર નારોલ, અમદાવાદ મુળવતન- ગામ-મોરસીમ, થાના, તહેસીલ- બાગોડા, જી.જાલોરા રાજસ્થાન ખાતે નાઓને આ ગુનામાં ઝડપી લીધેલ અને પકડવાના બાકી મુખ્ય આરોપી દયાલસિંગ મનોહરસિંગ રાજપુત ને પકડવા માટે હ્યુમન સોર્સ દ્વારા તપાસ કરતા આરોપી રાજસ્થાનના ઉદેપુરની પ્રતાપનગર જેલમાં હોવાનું જાણવા મળતા આરોપી દયાલસિંગને ટ્રાન્સફર વોરંટ આધારે લાવવા તજવીજ કરતા પો.સ.ઈ શ્રી વી.એમ.સાટીયા નાઓની એક ટીમ બનાવી રાજસ્થાનના ઉદેપુર ખાતે થી તા.૦૬/૧૨/૨૦૧૯ ના રોજ આરોપીને લાવી રજુ કરતા આરોપી દયાલસિંગ સ/ઓ મનોહરસિંગ જાતે-રાજપુત ઉવ.૨૪ રહે- સાલવા ખુર્દ, તહેસીલ થાના- પીપાડ શહેર, જીલ્લો-જોધપુર, રાજસ્થાન રાજ્ય નાઓને તા.૦૬/૧૨/૨૦૧૯ ના કલાક ૨૧/૦૦ વાગે પકડી અટક કરવામાં આવેલ છે અને તપાસ દરમ્યાન જાણવા મળેલ છે કે આ કુખ્યાત આરોપી દયાલસિંગ આંતર રાજ્ય ગેંગ લોરેન્સ બિશ્નોઈ નો સભ્ય હોવાનું માલુમ પડેલ છે. અને આરોપી વિરુદ્ધ રાજસ્થાનમાં બેંક લુંટ તથા ચોરી તથા આર્મ્સ એક્ટ તેમજ અન્ય અલગ અલગ પ્રકારના ૧૬ થી વધુ ગુનાઓ દાખલ થયેલ છે અને અમદાવાદ શહેર તથા ગુજરાત રાજ્યમાં અન્ય ગુનાઓ કરેલ છે કે કેમ ? ગુજરાતમાં કોઈ ગેંગ સક્રિય છે કે કેમ ? અને જો કોઈ ગેંગ સક્રિય હોય તો તેના સભ્યો કોણ કોણ છે? અને તેઓએ આ ગુના સિવાય અન્ય કોઈ ગુનાને અંજામ આપેલ છે કેમ ? વિગેરે તેઓની વધુ પુછપરછ ચાલુ છે.

મુખ્ય આરોપી દયાલસિંગ સ/ઓ મનોહરસિંગ જાતે-રાજપુત વિરૂધ્ધ રાજસ્થાનમાં (1)155/2015IPC-379 (2) 221/2014 IPC-379 (3) 191/2012 IPC-379 (4)208/2012 IPC-379 (5) 67/2013 IPC-379 (6) 202/2014 IPC-379 (7) 301/2014 IPC-379 (8) 58/13 IPC-379 (9) 209/2014 IPC-379 (10) 01/2018 IPC-457,380 (11) 138/2018 IPC-457,380 (12) 115/2018 IPC-457,380 (13) 181/2018 IPC-457,380 (14) 170/2018 IPC-457,380 (15) 121/2018 IPC-457,380 (16) 105/2018 IPC-342,376, Pocso act-3(1)(r)(s)3(2)(va) sc/st Act મુજબના તથા લુંટ તેમજ આર્મ્સ એક્ટના અન્ય ગુનાઓ દાખલ થયેલ છે.